# સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીના પડઘમ

### મોડાસા અને હિંમતનગર નગરપાલિકામાં વહીવટદાર તરીકે ચીફ ઓફિસર નિમણુંક થતા સર્વેસર્વા રહેશે

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરની ચૂંટાયેલ પાંખની ૧૪ ડિસેમ્બર અને સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર શહેરની નગરપાલિકાની ચૂંટાયેલ પાંખની ટર્મ ૧૨ ડિસેમ્બરે પૂર્ણ થઈ રહી છે. રાજ્ય સરકારે ગુજરાતની તમામ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ ત્રણ મહિના માટે મોકુફ રાખવાની ચૂંટણી પંચ થકી જાહેરાત કરાઈ હતી. મુખ્યમંત્રી વીજય રૂપાણીએ મુદત પૂર્ણ થતી ૫૧ જેટલી નગરપાલિકાઓની ચૂંટણી ન યોજાય ત્યાં સુધી વહીવટદાર તરીકે નગરપાલીકા ચીફ ઓફિસરની નિમણુંક કરતાં આખરે મોડાસા અને હિંમતનગર પાલિકામાં નાગરિક સુખાકારી કામો જળવાઈ રહે તે માટે નગરપાલિકા ચીફ ઓફિસર સર્વેસર્વા બની રહેશે જોકે તેઓ નીતિવિષયક નિર્ણય લેવા પર લગામ લગાવી દીધી છે.

હવે તાલુકા અને જીલ્લા પંચાયતમાં પણ વહીવટદાર તરીકે કોની નિમણુંક થાય છે તેના પર સૌની નજર મંડરાઈ રહી છે.

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની મુદત અંદાજે ડીસેમ્બર મહિનામાં પૂર્ણ થઈ રહી છે. કોરોના સંક્રમણના પગલે ત્રણ મહિના ચૂંટણીઓ પાછી ઠેલાતાં નગરપાલિકા, તાલુકા અને જિલ્લા પંચાયતમાં જેથી હવે વહીવટદાર નિમાશે કે નહીં અને વહીવટદાર તરીકે કોની નિમણુંક થશે તે મુદ્દે સૌની મીટ મંડાઈ હતી ત્યારે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ચીફ ઓફિસરની વહીવટદાર તરીકે નિમણુંક કરવાની જાહેરાત કરતા મોડાસા અને હિંમતનગર નગરપાલિકામાં વહિવટદારની નિમણુંક થતા હવે બંને નગરપાલિકાઓમાં ચીફ ઓફિસરનું રાજ આવી જશે. જેને લઈને ચૂંટાયેલા પદાધિકારીઓ પાસેની તમામ સત્તાઓનો ઉપયોગ બંધ થઈ જશે.

રાજ્યની ૫૧ નગરપાલિકામાં ચીફ ઓફિસરને આવી જવાબદારી સોંપવામાં આવી છે. તેમાં 'અ' વર્ગની ૧૬, 'બ' વર્ગની ૨૩ અને 'ક' વર્ગની ૧૨ એક કુલ ૫૧ નગરપાલિકાઓનો સમાવેશ થાય છે.

## ડીસા તાલુકાની કુંવારા પાદર મહિલા દૂધ મંડળીમાં ૧૪.૮૯ લાખની ઉચાપત

### મંડળીના મંત્રી અને સભ્યો સામે પોલીસ ફરીયાદ

ડીસા પંથકની દૂધ ઉત્પાદક સહકારી મંડળીના મંત્રી સહિત વ્યવસ્થાપક કમિટીના સભ્યો વિરૂધ્ધ ૧૪.૮૯ લાખની ઉચાપતની ફરીયાદ નોંધાતાં હડકંપ મચી ગયો છે. મહિલા દૂધ ઉત્પાદક મંડળીના મંત્રીએ ઓડીટ દરમ્યાન સિલક રૂ.૧૪.૮૯ લાખ રજુ કરી ન હતી. જેને લઈ તપાસ કરતાં મંત્રી અને વ્યવસ્થાપક કમિટીના સભ્યોએ મળી કુલ ૧૪,૮૯,૩૭૮ ની ઉચાપત કરી હોવાનું સામે આવ્યુ છે. સમગ્ર ઘટનાને લઈ સહકારી અધિકારીને પોલીસ ફરીયાદ કરતાં ખળભળાટ મચી ગયો છે.

બનાસકાંઠા જીલ્લાના ડીસા તાલુકાની ધી કુવારા પાદર મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળીને લઈ સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. મંડળીમાં તા.૨૭/૩/૨૦૧૦ થી મંત્રી તરીકે રહેલા દિનેશભાઈ ડગલાએ મંડળીમાં તા. ૧/૭/૨૦૧૯ થી તા. ૩૦/૯/૨૦૨૦ દરમ્યાન મોટી ઉચાપત કરી હોવાનું સામે આવ્યુ છે. જેમાં ઓડીટ દરમ્યાન મંડળીના રૂ.૧૪,૮૯,૩૭૮ ચોખ્ખી નાણાંકીય ઉચાપત કરી તેમના અંગત ઉપયોગમાં વાપરી હોવાનું સ્પષ્ટ થતાં ચકચાર મચી ગઈ છે. જેમાં મડળીની વ્યવસ્થાપક કમિટીના સભ્યોએ પણ દેખિતી ઉચાપત કરવામાં મદદગારી કરી હોવાનો ફરીયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

સૂત્રોએ જણાવ્યું હતુ કે, ધી કુવારા પાદર મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળીના મંત્રી અને વ્યવસ્થાપક કમિટીના સભ્યો સામે ફરીયાદ થતાં હડકંપ મચી ગયો છે. મંત્રીએ તેમના કાર્યકાળમાં તા. ૨૦/૧૧/૨૦૨૦ થી તા. ૨૫/૧૧/૨૦૨૦ ના ઓડીટ દરમ્યાન નાણાંકીય ઉચાપત કરી હોવાનું સ્પષ્ટ થતાં સહકારી અધિકારીએ તેમની સામે ડીસા રૂરલ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. પોલીસે તમામ આરોપીઓ સામે આઈપીસીની કલમ ૪૦૮,૧૧૪ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## કોન્ટ્રાક્ટર અને નગરપાલિકાના સત્તાધીશોની મિલીભગતી બાબતે મુખ્યમંત્રીને રજુઆત

### ધાનેરા નગરપાલિકાના સત્તાધીશો આરટીઆઇ હેઠળ માહિતી આપવા માટે કરે છે ગલ્લા ટલ્લા

ધાનેરા નગરપાલિકાના કેટલાક સત્તાધીશો દ્વારા છેલ્લા કેટલાક સમયથી વાંકલ કૃપા કન્ટ્રક્શન નામના કોન્ટ્રાક્ટરને મોટા પ્રમાણમાં કોન્ટ્રાક્ટ આપવામાં આવતા હોય છે અને આ કોન્ટ્રાક્ટર પોતાની મરજી મુજબ મનફાવે તેમ હલકી ગુણવત્તાવાળું કામ કરતો હોય તેવી રાવ ઉઠવા પામી છે સમગ્ર બાબતને લઈ લોકો તેમજ જાગૃત નાગરિકો દ્વારા નગરપાલિકામાં રજૂઆત પણ કરી છે તેમ છતાં નગરપાલિકાના કર્મચારીઓ સત્તાધીશો અને અધિકારીઓ આંખ આડા કાન કરતા હોય તેવા દ્રશ્ય જોવા મળે છે.

જો કોઈ પણ ઘટના સ્થળ પર હલકી ગુણવત્તાવાળું કામ થતું હોય તો નગરપાલિકાના સત્તાધીશો અધિકારીઓ તેમજ કર્મચારીઓ ને જાણ કરવામાં આવે તેમ છતાં પણ અધિકારીઓ કે કોઈ ઘટના સ્થળ પર ફરકતું નથી સમગ્ર બાબતને લઈ એક જાગૃત નાગરિક દ્વારા ધાનેરા નગરપાલિકા માં આરટીઆઈ હેઠળ માહિતી માગવામાં આવી છે પરંતુ નગરપાલિકા સત્તાધીશો આ માહિતી આપવા માટે પણ ગલ્લાંતલ્લાં કરી રહ્યા છે ગુજરાત ના મુખ્યમંત્રી ધાનેરા આવી રહ્યા છે ત્યારે સમગ્ર બાબત ને લાઈ રજુઆત કરવામાં આવશે અને તેમ છતાં પણ કોઈ કાર્યવાહી કરવામાં નહિ આવે તો છેલ્લે કોર્ટ ના દ્વાર ખાખડાવવા માટે પણ અરજદારે ચીમકી ઉચ્ચારી છે.

## ખેડૂત આંદોલન ને બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં લોકોએ તેમજ વેપારીઓએ સમર્થન આપ્યું

ધાનેરા

ખેડૂત આંદોલન ને બનાસકાંઠા જિલ્લાના ધાનેરા માં



લોકોએ તેમજ વેપારીઓએ સમર્થન આપ્યું છે અને મોટા પ્રમાણ વેપારીઓએ સ્વેચ્છાય પોતાનો ધંધો રોજગાર બંધ રાખ્યો છે

કેન્દ્ર સરકાર દ્વારા ખેતી ઉપર લાવેલ ત્રણ કૃષિ લક્ષી કાયદાને લઈ સમગ્ર દેશમાં તેનો ઉગ્ર વિરોધ થઈ રહ્યો છે. છેલ્લા ૧૨ દિવસથી સમગ્ર દેશમાં ખેડૂત આંદોલન શરૂ થયું છે અને આજે ભારત બંધનું એલાન પણ આપવામાં આવ્યું છે ભારત એક ખેતી પ્રધાન દેશ છે જો કે તાજેતરમાં કૃષિમાં ત્રણ નવીન સુધારા કરવામાં આવ્યા છે. ત્યારે ખેડૂત આંદોલન ને લઈ આજે ૮ ડિસેમ્બર ના રોજ ભારત બંધ નું એલાન કરવામાં આવ્યું હતું જેમાં બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા લોકો તેમજ વેપારીઓએ ખેડૂતો ને સમર્થન આપ્યું છે અને સ્વેચ્છાય પોતાનો ધંધો રોજગાર બંધ રાખ્યો છે તો બીજી તરફ ધાનેરા કોઈ અણબનાવ ન બને તે માટે વહેલી સવાર થી પોલીસ પણ સક્રિય બની હતી અને ધાનેરા ના જાહેર માર્ગો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો તો બીજી તરફ વેપારીઓ એ સ્વેચ્છાય બંધ પાળતા ધાનેરા શહેર કોંગ્રેસ સમિતિ ના પ્રમુખ હરિસિંગ રાજપુતે આભાર માન્યો હતો ધાનેરા માં રાષ્ટ્રીય કિસાન સંઘ પ્રમુખ અને બનાસકાંઠા જિલ્લા મહામંત્રી એ મીડિયા સાથે ની વાતચીત માં જણાવ્યું હતું કે જો કેન્દ્ર સરકાર આ કાળો કાયદો પાછો નહીં ખેંચે તો આવનારા સમય માં અમે ઉગ્ર આંદોલન કરશું

## પાલનપુર નગરપાલિકામાં વિવાદીત વિકાસ નકશાના મુદ્દાને લઈ હોબાળો

### વિપક્ષ ટેબલ ખખડાવતા રહ્યા અને શાસક પક્ષ દ્વારા વિકાસ નકશો મંજુર કરી દિધો

પાલનપુર

પાલનપુર નગરપાલિકામાં ગુરૂવારે ખાસ સાધારણ સભા યોજાઈ હતી.જેમાં વિપક્ષના વિરોધ વચ્ચે વિવાદીત વિકાસ નકશાને બોર્ડમાં મંજુરીની મહોર લાગી હતી.જેના પગલે વિપક્ષ દ્વારા હોબાળો મચાવી ચીપ ઓફીસર સમક્ષ રજુઆત કરવામાં આવી હતી.

પાલનપુર પાલિકાની અંતિમ સાધરણસભામાં વિપક્ષે પ્રમુખ તેમજ ચીફ ઓફિસરને ઘેરીને ભારે હંગામો મચાવ્યો હતો. પાલિકાની બોડી સમાપ્ત થવાના ગણતરીના દિવસો બાકી હતા. ત્યારે વિકાસ નકશો કોઈ પણ રીતે મંજુર કરાવા માટે બોલવાયેલ આ સાધરણસભાની શરૂઆતમાં જ વિરોધ પક્ષના નેતાએ લેખિતમાં પ્રમુખને રજુઆત કરી હતી.પરંતુ પ્રમુખે કોઈ બાબત ધ્યાને લીધા સિવાય સાધરણ સભાના તમામ મુદ્દાઓ બહુમતીના જોરે મનજુર કરી દેતાં વિપક્ષે ટેબલ ખખડાવી ભારે વિરોધ નોંધાવ્યો હતો. એટલું



જ નહીં આ મુદ્દે ચીફ ઓફિસરે પણ વિરોધપક્ષની લેખિત રજુઆતમાં સહી નહીં કરતાં વિરોધ પક્ષના તમામ સભ્યોએ ચીફ ઓફિસરની ચેમ્બરમાં જઈ ચીફ ઓફિસર સામે ઉગ્ર રજુઆત કરી હતી. જોકે આ મુદ્દે ચીફ ઓફિસર સતીષ પટેલ જણાવ્યું હતું કે સત્તાની રુએ સાધારણસભા ચલાવવાની જવાબદારી પ્રમુખની હોય છે, તેથી ચાલુ સભાએ સહી કરવાની રહેતી નથી. જ્યારે વિરોધપક્ષના નેતા આશાબેન રાવલે જણાવ્યું હતું કે સત્તાધીશોએ ભ્રષ્ટચાર કરવા મનસ્વી વલણ અપનાવ્યું છે. જ્યારે નગરપાલિકા પ્રમુખ અશોકભાઈ ઠાકોરે જણાવ્યું હતું કે વિપક્ષનું કામ માત્ર વિરોધ કરવાનું છે આજે કોઈપણ જાતની ચર્ચા થાય તે પૂર્વે જ વિપક્ષે પોતાનો વિરોધ ચાલુ કરી દીધો હતો. પરંતુ શહેરનાં વિકાસને લઈને આજે વિકાસ નકશો મંજુર થયો છે.

## પાલનપુરમાંથી ૧૧ ચોરીના બાઈક સાથે એક શખ્સ ઝડપાયો

### પોલીસે મોટર સાયકલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

પાલનપુર

બનાસકાંઠામાં મોટર સાયકલ ચોરીનો મોટો ભેદ



ઉકેલવામાં પૂર્વ પોલીસને સફતા મળી છે.જેમાં પોલીસે એક શખ્સની ઝડપી તેની પાસેથી ૧૧ મોટર સાયકલ કબજે કરવામાં આવ્યા છે. જેની વધુ તપાસ પોલીસ ચલાવી રહી છે.

બનાસકાંઠામાં મોટર સાયકલ ચોરીના બનાવોમાં ચિંતજનક હદે વધારો થઈ રહ્યો હતો. જેના પગલે જિલ્લા પોલીસ વડા દ્વારા મોટર સાયકલ ચોરીના ગુનાઓ ડીટેકટ કરવા સુચના આપી હતી. જેથી પૂર્વ પોલીસ મથકનો સ્ટાફ રવિવારે રાત્રી દરમીયાન પેટ્રલિંગમાં હતા. તે સમયે મહેશ વિરસંગભાઈ ચૌધરી નામનો શખ્સ પોલીસ ના હાથે ઝડપાઈ ગયો હતો.

જેથી પોલીસે આકરી પુછપરછ કરતા તે મોટરસાયકલ ચોરી કરી સસ્તા ભાવે લોકોને વેચી દેતો હોવાનુ બાહાર આવ્યુ હતુ. વધુમાં

### યુવક કોરોના સમયમાં આર્થિક ભીસમાં આવતા ચોરીના રવાડે ચડ્યો

કોરોના મહામારીના સમયમાં લોકડાઉન સમયે ધંધા રોજગાર બંધ થયા હતા.જેના કારણે યુવક આર્થિક ભિસમાં આવતા યુવક મોટર સાયકલ ચોરીના રવાડે ચડ્યો હોવાનું પોલીસ સમક્ષ કબુલાત કરી હતી.

તેણે ૨૫ દિવસમાં અગીયાર મોટર સાયકલની ચોરી કરી હોવાની કબુલાત કરતા પોલીસે તમામ મોટર સાયકલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## પાલનપુરમાં મંજુરી વગર બાંધકામો થઈ રહ્યા હોવાની રાવ

### વિવાદીત વિકાસ નકશાની મંજુરી સમયે બિલ્ડરોને બાંધકામ માટે સરતી મંજુરી આપવામાં આવી હતી : નોટીસ આપ્યા બીજો સર્વે ત્રણ માસ સુધી કરવામાં ન આવતા અનેક ચર્ચા

પાલનપુરમાં વિકાસ નકશો મંજુરીમાં મુકવામાં આવ્યો હતો.તે સમયે કેટલાક બિલ્ડરોને બાંધકામ માટે સરતી મંજુરી આપી દેવામાં આવી હતી.પરંતુ નકશો કોઈ કારણોસર ના મંજુર થતા સરતી મંજુરી આપેલા ૩૮ બિલ્ડરો તેમજ કોન્ટ્રાક્ટરોને કામ અટકાવવા નોટીસ આપવામાં આવી હતી. ત્યારબાદ ત્રણ માસ સુધી પાલિકા દ્વારા બીજો સર્વે કરી બાંધકામ ચાલુ છે કે બંધ તે અંગે તપાસ ન કરતા શુ કારણથી તપાસ કરવામાં ન આવી તે અંગે અને ચર્ચાઓ એ જોર પકડ્યુ છે.

પાલનપુર શહેરમાં વિકાસ નકશો મંજુરીમાં મુકાયો તે સમયે શહેરના બિલ્ડરોને પાલીકા દ્વારા બાંધકામ કરવા માટેની સરતી મંજુરી આપી હતી.પરંતુ વિકાસ નકશોમાં ગેરરીતી થઈ હોવાની ફરીયાદોના પગલે વિકાસ નકશાનું કામ અટકી ગયુ હતુ. જેથી પાલીકા દ્વારા ૩૮ જેટલા વ્યક્તિઓને બાંધકામની કામગીરી અટકાવી બીજી સુચના ન મળે ત્યા સુધી કામગીરી આગળ ન વધારવા નોટીસ આપવામાં આવી હતી. તેમ છતા કેટલીક જગ્યાઓ ઉપર કામગીરી ચાલતી હોવાની ફરીયાદો ઉઠવા પામી છે. નોટીસ આપ્યા બાદ બાંધકામ ચાલુ છે.કે કેમ તે જોવા સુધા પણ પાલિકા અધિકારીઓ ગયા નથી. જેથી પાલિકા સામે અનેક શંકાઓ સેવાઈ રહી છે. આ અંગે પાલિકાના એન્જીયર રાહુલભાઈએ જણાવ્યુ હતુ કે ત્રણ માસ અગાઉ ૩૮ બિલ્ડરો અને કોન્ટ્રાક્ટરોને નવિન બાંધકામ કરવા માટે સરતી મંજુરી આપવામાં આવી હતી. પરંતુ વિકાસ નકશો મંજુરી માટે મુકવામાં આવ્યો હતો. જે હજુ મંજુર ન થતા બાંધકામ કરવાની કામગીરીને સ્થગીત કરવા નોટીસ આપવામાં આવી હતી. ત્યારબાદ બાંધકામ ચાલુ છે કે બંધ તે બાબતે તપાસ કરાઈ નથી. ઉચ્ચ અધિકારીની સુચના મળતાની સાથે ચકાસણી કરી જો બાંધકામ ચાલતુ હશે તો જરૂરી પગલા ભરાશે.

## અરવલ્લીમાં નાનાવાડાના નિવૃત્ત પીએસઆઈ અને તેમની પત્નીને કોરોના ભરખી ગયો

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જીલ્લામાં કોરોના સંક્રમણ અટકવાનું નામ જ લેતું નથી, કાળમુખો કોરોના જીલ્લામાં અત્યાર સુધી અનેક લોકોને ભરખી ગયો છે. સમગ્ર રાજ્યમાં કોરોનાથી મોતનો મૃત્યુદરમાં અમદાવાદ પછી બીજા સ્થાને અરવલ્લી જીલ્લાનો ક્રમ છે. સરકારી ચોપડે અરવલ્લી જીલ્લાનો કોરોનાથી સંક્રમીત દર્દીઓનો ૨.૭૦ ટકા જ મૃત્યુદર છે પરંતુ જીલ્લામાં કોરોનાથી થતા મોતનો મૃત્યુદર ૬ની આસપાસ પહોંચ્યો છે ત્યારે માલપુર તાલુકાના નાનાવાડા ગામના નિવૃત્ત પીએસઆઈ અને તેમની પત્ની કોરોનાગ્રસ્ત થતા સારવાર અર્થે અમદાવાદ ખસેડાતા દંપતી કોરોના સામે જંગ હારી જતા સમગ્ર પંથકમાં કોરોના સંક્રમણથી લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

### માલપુર પંથકમાં કોરોનાથી દંપતીનું મોત થતા હાહાકાર

માલપુર તાલુકાના નાનાવાડા ગામના અને નિવૃત્ત પીએસઆઈ જયંતીભાઈ પંચાલ અને તેમના પત્ની જ્યોત્સનાબેન પંચાલ કોરોનામાં સપડાતા દંપતીને સારવાર અર્થે અમદાવાદ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયુ હતું. કોરોનાગ્રસ્ત દંપતીનું સારવાર દરમિયાન મોત નિપજતાં ભારે ચકચાર મચી હતી. જીલ્લામાં અત્યાર સુધી ૮૨ લોકોને કોરોના ભરખી ગયો છે.

અરવલ્લી જીલ્લામાં કોરોનાથી લોકોના ટપોટપ મોત નીપજી રહ્યા છે સતત લોકો કોરોનાગ્રસ્ત બની રહ્યા હોવા છતાં જાણે કોરોનાનો ડર ના રહ્યો તેમ લોકો સોશિયલ ડિસ્ટન્સનો ભંગ કરી ભીડ જમાવી રહ્યા છે. મોટાભાગની બેંકોમાં અંદર અને બહાર ભીડ જોવા મળી રહી છે, લોકડાઉન બાદ છૂટછાટ દરમિયાન બેંકો બહાર અને અંદર સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા દોરેલ સર્કલ પણ ભૂંસાઈ ગયા છે બેંકના કર્મચારીઓ સતત કોરોનામાં સપડાઈ રહ્યા હોવાની સાથે સુપર સ્પ્રેડર બની શકે છે કેન્દ્ર સરકારની વિવિધ સહાયના રૂપિયા બેંકોમા જમા થતા લોકો રૂપિયા ઉપાડવા ધસારો કરતા હોવાથી બેંકો બહાર ભીડ ઉમટી રહી છે.

## ગાંભોઈ નજીક પિલ્લર સાથે સ્કોર્પિઓ ધડાકાભેર અથડાતા અમદાવાદના ત્રણ યુવકોના કરૂણ મોત

દિલ્હીથી મુંબઈને જોડતો અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ સિક્સલેન બનાવવાનું કામકાજ પુરજોશમાં ચાલી રહ્યું છે સાથે



અનેક જગ્યાએ રોડ ખોદવામાં આવ્યો હોવાની સાથે હાઈવે પર ઠેર ઠેર ડાયવર્જન પણ આપવામાં આવ્યા છે, હાઈવે પર દોડતા વાહનો ડાયવર્જનના પગલે અચાનક સામ સામે આવી જતા નાની-મોટી અકસ્માતની ઘટનાઓ બનતી રહે છે, ત્યારે ગાંભોઈ નજીક બુધવારે રાત્રે રાજસ્થાન તરફથી આવતી સ્કોર્પિઓ જીપ રોડ બાજુના પીલ્લર સાથે ધડાકાભેર અથડાઈ પલ્ટી ખાઈ જતા ગમખ્વાર અકસ્માતમાં અમદાવાદ અમરાઈવાડી વિસ્તારમાં રહેતા ત્રણ યુવકોના કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, અન્ય ત્રણ યુવકો ઈજાગ્રસ્ત થતા હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડાયા હતા. અકસ્માતની ઘટનાના પગલે ગાંભોઇ પીએસઆઈ જયદીપ દેસાઈ અને તેમની ટીમ સાથે દોડી આવી મૃતકોની લાશને પીએમ માટે ખસેડી અકસ્માતના પગલે સર્જાયેલ ટ્રાફિકજામ પૂર્વરત કરાવ્યો હતો. આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી પોલીસ ચોપડે ફરિયાદ નોંધઈ નથી. સ્કોર્પિઓ જીપના ડેશબોર્ડ પર પોલીસની નંબર પ્લેટ પણ મળી આવતા તરહ તરહની ચર્ચાએ જોર પકડ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બુધવારે રાત્રે ૧૦ વાગ્યાના સુમારે લોકો હજુ તો ઉઘવાની તૈયારી કરી રહ્યા હતા અને હાઈવે પર ધડાકાભેર અવાજ થતાની સાથે જ લોકો હાઈવે પર કઈ અજુગતું બન્યું હોવાનું લાગતા હાઈવે તરફ દોટ મુકતા જ એક સ્કોર્પિયો જીપ (કાર નંબર જીજે-૨૭-એપી-૪૪૮૬) રોડ બાજુમાં રહેલા પીલર સાથે અથડાઈ કડૂચાલો વળેલી હાલતમાં જોવા મળી હતી અને ૬ યુવકો બેભાન હાલતમાં આજુબાજુમાં વેરવિખેર પડ્યા હતા જેમાં ત્રણ લોકોના મોત નીપજ્યા છે જ્યારે અન્ય ત્રણ લોકો ઘાયલ છે. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક હિંમતનગર સિવિલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. કમનસીબ મૃતક યુવાનો અમાદવાડના અમરાઈવાડી વિસ્તારના કમલેશ ભૂસર, ધર્મેન્દ્ર વર્મા અને પપ્પુ મામા હોવાનું પ્રાથમિક તબક્કે જાણવા મળી રહ્યું છે. સ્કોર્પિઓ જીપના ડેશબોર્ડ પર પોલીસ લખેલી પ્લેટ પણ લગાડેલી હતી.

અકસ્માતની જાણ થતા ગાંભોઈ પોલીસ પણ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. આ સાથે ત્રણ ઈજાગ્રસ્તોને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ મારફતે તાબડતોડ હિંમતનગર સિવિલમાં ખસેડયા હતા. જ્યારે ત્રણ મૃતકોની લાશ ગાંભોઈ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડી મૃતકોના પરિવારજનોને જાણ કરી હતી. અકસ્માતની ઘટનાના પગલે ટ્રાફિકજામ થયો હતો. પરંતુ ક્રેઈનથી ગાડી ખસેડ્યા બાદ ટ્રાફિક સામાન્ય બન્યો હતો. અકસ્માતની ઘટનાની જાણ મૃતકોના પરિવારજનોને થતા શોકનું મોજુ ફરી વળ્યું હતું.

## મહેસાણા જિલ્લામાં કોવિડ-૧૯ રસીકરણની પુર્વ તૈયારીના ભાગરૂપે હાઉસ ટુ હાઉસ સર્વેની કામગીરી

મહેસાણા, તા. ૧૦

કોરોના-૧૯ વેક્સિનનું સંશોધન અંતિમ તબક્કામાં હોય ટુંક સમયમાં ઉપલબ્ધ થવાની શક્યતા રહેલી છે. આ રસીકરણ માટે તબક્કાવાર અમલીકરણ શરૂ કરવામાં આવેલું છે. મહેસાણા જિલ્લામાં આ પ્રકારની અસરકારક કામગીરી થાય તે માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વે શરૂ શરૂ કરાયો છે. જિલ્લામાં ૧૦ ડિસેમ્બરથી ૧૩ ડિસેમ્બર દરમિયાન વિવિધ ટીમો દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વે કરાઈ રહ્યો છે.

રાજ્ય અને કેન્દ્ર સરકારની સુચના અને માર્ગદર્શનથી મહેસાણા જિલ્લામાં ૫૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા અને ૫૦ વર્ષથી ઓછી ઉંમરના હયાત રોગ ધરાવતા નાગરિકોના હાઉસ ટુ હાઉસ સર્વે કરી નામ, સરનામા અને મોબાઈલ નંબર સાથેનો ડેટા બેઈઝ તૈયાર કરાઈ રહ્યો છે. આ કામગીરી માટે મતદાન દરમિયાન મતદાન મથક વાઈઝ ટીમો દ્વારા સર્વે થઈ અસરકારક કામગીરી કરાઈ રહી છે.

કોવિડ-૧૯ને વૈશ્વિક મહામારી તરીકે ઘોષીત કરાઈ છે અને વેક્સીન આપવાની કામગીરી આ મહામારી નાથવાના ઉદ્દેશ સાથે સમયબધ્ધ રીતે જિલ્લામાં જિલ્લા કલેકટર એચ.કે. પટેલના માર્ગદર્શન હેઠળ કરાઈ રહી છે.

## ડીસાની મોઢેશ્વરી સોસાયટી પાસે મુખ્ય રસ્તો બંધ કરી દેવાતાં વાહનચાલકો પરેશાન

### વર્ષો જુના રસ્તા પર પર સ્થાનિક રહીશો દ્વારા રસ્તા પર જ પાઇપો નાખી સ્થળ પર તપાસ કરી જવાબદાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે

ડીસા, તા. ૧૦

ડીસા-પાલનપુર હાઈવે પર આવેલી મોઢેશ્વરી સોસાયટીથી



શિવગંગા સોસાયટીમાં થઈ વેલુનગર તરફ જતા મુખ્ય રસ્તા પર કેટલાક સ્થાનિક રહીશોએ નવા બનેલા રોડ ઉપર પાઈપો નાખી રસ્તો બંધ કરી દેતાં વાહનચાલકો ભારે મુશ્કેલી વેઠી રહ્યાં છે.

વર્ષો પહેલાં ડીસાના અજાપુરાથી ગંજ બજારમાં આવવા માટે કેલાશનગર, નૂતનભારતી સ્કુલ, શિવગંગા સોસાયટી અને મોઢેશ્વરી સોસાયટી થઈ ખેડૂતો બળદગાડા અને ટ્રેક્ટર લઈને માર્કેટયાર્ડમાં અવરજવર કરતાં હતા. ત્યારે તાજેતરમાં ડીસા નગરપાલિકા દ્વારા વેલુનગરથી શિવગંગા સોસાયટીથી મોઢેશ્વરી સોસાયટી સુધીનો પાકો આરસીસી રોડ તૈયાર કરવામાં આવ્યો છે પરંતુ એક જ મહિનાના સમયમાં સોસાયટીના કેટલાંક લોકોએ જાહેર રસ્તા પર પાઈપો ઉભી કરીને રસ્તા પર આડશ બનાવી વર્ષો જુનો મુખ્ય રસ્તો બંધ કરી દેવામાં આવ્યો છે. જેથી આસપાસની સોસાયટીના રહીશો સહિત વાહનચાલકોને પણ ભારે મુશ્કેલી વેઠવી પડે છે. આથી કેટલાંક લોકોએ આ અંગે ડીસા નગરપાલિકામાં રજૂઆત કરવામાં આવી છે પરંતુ નગરપાલિકા દ્વારા હજુ સુધી કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી.

આ અંગે નગરપાલિકાના મુખ્ય અધિકારી ઉપેન્દ્ર ગઢવી એ જણાવ્યું હતું કે કોઈ પણ વ્યક્તિ જાહેર રસ્તો બંધ કરી શકે નહી. રજૂઆતના પગલે રૂબરૂ તપાસ હાથ ધરી રસ્તો ખુલ્લો કરવામાં આવશે અને કયાં કારણોસર રસ્તો બંધ કરવામાં આવ્યો છે તે અંગે તપાસ કરી જવાબદાર વ્યક્તિઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.